## ગાંધીનગરમાં નવરાત્રી આઠમું નોરતું

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવના દસમા નોરતે ગાયક કલાકાર દીપેશ દેસાઈના મધુર કંઠે ગરબાના સુર રેલાશે.
- નવરાત્રી મહોત્સવ યુવા સમિતિ દ્વારા સે. ૧૭ ખાતે રાત્રીના ૯.૦૦ કલાકે સરસ્વતી ગૃપના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા સે. ૧૧ના થનગનાટ ગરબા ગ્રાઉન્ડ ખાતે રાત્રીના ૮.૩૦ કલાકે મૌલિકા દવેના મધુરકંઠે ગરબાની પ્રસ્તુતિ થશે.
- શક્તિમંડળ દ્વારા સવારના ૧૦ થી ૧૨ કલાક દરમિયાન ધર્મિષ્ઠાબેન પટેલના યજમાનપદે અંબાજી મંદિર, સે. ૧૪ ખાતે આનંદનો ગરબો યોજાશે.

## ગાંધીનગરમાં વિજયાદશમીએ આર.આર.એસ. દ્વારા પથસંચલન

ગાંધીનગર, તા. ૯

વિજયાદશમી-દશેરા પર્વ એટલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો સ્થાપના દિવસ. દશેરા એટલે મા શક્તિનું પર્વ, અસત્ય પર સત્યનો વિજય. આ નિમિત્તે આગામી તા. ૧૧ ઓક્ટોબર-૨૦૧૬, મંગળવાર, વિજયાદશમીના રોજ સાંજે ૩.૪૫ કલાકે, ગાંધીનગર જી.ઈ.બી. કોલોની, પેથાપુર ખાતેથી સંઘ દ્વારા પ્રથમવાર નવીન ગણવેશમાં જિલ્લા સ્તરના પથ સંચલન-પરેડ અને ત્યારબાદ સાંજે ૫.૩૦ કલાકે જનતા માટે જાહેર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંચલનમાં સંઘની પદ્ધતિ પ્રમાણે ગાંધીનગર, માણસા, કલોલ, દહેગામ અને દસક્રોઈ એમ પાંચ તાલુકાના અંદાજિત ૨૭૫ જેટલા સ્વયંસેવકો નવિન ગણવેશમાં ત્રણ કિ.મી. લાંબા પથ સંચલનમાં ભાગ લેશે.

આ વિજયાદશમી ઉત્સવમાં પ્રમુક અતિથિ તરીકે પેથાપુર વેપારી એસોસિએશનના પ્રમુખ અસરસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ગુજરાત પ્રાંત પ્રચારક ડો. ચિંતનભાઈ ઉપાધ્યાય મુખ્ય વક્તવ્ય આપશે.

## રંગે રમે, આનંદે રમે, આજ નવદુર્ગા ગરબે રમે...



















# CMની જેમ કેબિનેટ પ્રધાનો સોશ્યલ મિડીયામાં 'ઓનલાઈન' થાય તો 'ડિજીટલ ગુજરાત' સફળ

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણીની ચીફ મિનિસ્ટર ઓફિસની વેબસાઈટ ઓનલાઈન થઈ છે. રૂપ અને રંગ સારા છે. આનંદીબહેન પટેલની સરકારને પણ ટક્કર મારે તેવી ડિઝાઈન બનાવી છે પરંતુ જે વેબસાઈટ અપડેટ્સ થતી નથી તેના માટે સરકારે હજી સુધી કોઈ નક્કર યોજના બનાવી નથી. જે વેબસાઈટ ઓફલાઈન છે તેને ઓનલાઈન કરવામાં આવે તો સરકારનું ૫૦ ટકા કામ સરળ બની શકે છે. દિલ્હીની મોદી સરકારની કેબિનેટમાં ઓફિસો હવે તો પેપરલેસ બની રહી છે, પરંતુ ગુજરાતની સચિવાલય સ્થિત ઓફિસોમાં હજી ફાઈલોના જંગ ખડકાયેલા જોવા મળે છે. ફાઈલ વર્કમાંથી કર્મચારીઓ બહાર આવી શકતા નથી. ગુજરાતમાં પેપરલેસ ફાઈલનો કન્સેપ્ટ કેશુભાઈ પટેલની સરકાર લાવી હતી, છતાં સચિવાલયની સિસ્ટમમાં કોઈ ફરક પડ્યો નથી. સરકારી દસ્તાવેજોના ડિઝીટલાઈઝેશનની પ્રક્રિયા ધીમી પડી છે. દિલ્હીની મોદી સરકારના પ્રધાનો ટ્વિટર અને ફેસબુક પર રિયલ ટાઈમ અપડેટ હોય છે પરંતુ ગુજરાતના રૂપાણી કેબિનેટના પ્રધાનો એટલા ઝડપી અને ચપળ બની શક્યા નથી.

### આપણે નંબર વન લોકો કેજરીવાલની નકલ કરતા થઈ ગયા છીએ

**● લ્યો, હવે ડોક્ટર તમારે દર્દીને દ્વાર...**

ગુજરાતને હવે દિલ્હીની નકલ કરવાના દિવસો આવી ગયા છે. દિલ્હીમાં કેજરીવાલ સરકારે મહોલ્લા ક્લિનિક શરૂ કર્યા છે ત્યારે ગુજરાતે પણ આ પ્રોજેક્ટ શરૂ કરવાની તૈયારી કરી દીધી છે. ગુજરાતના આરોગ્ય વિભાગે 'ડોક્ટર પેશન્ટના ઘરે' યોજનામાં ૫૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવી દીધું છે. સૌ પ્રથમ અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં આ મહોલ્લા ક્લિનિક પ્રોજેક્ટ શરૂ થઈ રહ્યો છે. શહેરી વિસ્તારના આરોગ્ય સેન્ટરો માટેનો આ પ્રોજેક્ટ ગુજરાતમાં દિપાવલી પહેલાં શરૂ થવાની સંભાવના છે. દિલ્હીમાં આ યોજના પ્રાયમરી હેલ્થકેર સેન્ટરોમાં શરૂ કરવામાં આવી છે અને તેને ધારી સફળતા મળી છે. એક અધિકારીએ કહ્યું હતું કે મોદી શાસનમાં એવું કહેવામાં આવતું હતું કે આ યોજના શરૂ કરવામાં સમગ્ર દેશમાં ગુજરાત પહેલું છે, પણ હવે આવું કહી શકાતું નથી, કારણ સિમ્પલ છે, ગુજરાતના મોદી દિલ્હીમાં છે...

**● શાકભાજી કરતાં સસ્તા નેટ પ્લાન છે...**

આજની દુનિયામાં સસ્તુ શું છે? આવો પ્રશ્ન કોઈ કરે તો જબાન પર સીધું આવી જાય છે મોબાઈલ ઈન્ટરનેટ. દુનિયા બદલાઈ રહી છે. રિલાયન્સ જિયોના આગમન સાથે ભારતમાં ઈન્ટરનેટ ક્રાન્તિ થઈ છે. સસ્તા નેટ પ્લાન્ટ પાણીની બોટલ કરતાં પણ ઓછા દરથી ઉપલબ્ધ છે. મંડીમાં શાકભાજી મોંઘીદાટ છે. દાળ અને તેલના ભાવ આસમાને છે. અનાજ મોંઘુ બનતું જાય છે. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મોંઘી છે પરંતુ નેટ સસ્તું છે. લવ લેટર લખવો હોય તો કાગળ મોંઘા છે પરંતુ વોટ્સ અપ કે ઈમેઈલ મફતમાં થાય છે. બર્થડે ગિફ્ટ મોંઘી છે પરંતુ ઈ-ગિફ્ટ સસ્તી છે. નેટ પ્લાનની સરખામણીએ ટામેટાંના ભાવ વધારે છે. બસ જોયા કરો, સ્પર્ધાત્મક માહોલમાં દુનિયાનો મિજાજ અને તેને અનુરૂપ થવાનો પ્રયાસ કરો.

### દુનિયા બદલાઈ : શાકભાજી મોંઘા પડે છે પણ નેટ પ્લાન અતિ સસ્તા

**● સોશ્યલ સાઈટ્સ- નોકરીમાં વિપરીત અસર...**

સરકારી નોકરી હોય કે પ્રાઈવેટ જોબ, બન્નેમાં સોશ્યલ મિડીયાનો એવો પ્રભાવ પડ્યો છે કે કર્મચારી પહેલાં સોશ્યલ સાઈટ્સ પર અપડેટ કરે છે પછી નોકરીનું કામ હાથ પર લેતો હોય છે. ફેસબુક, વોટ્સઅપ અને ટ્વિટર એવા માધ્યમ છે કે નોકરી કરનારા વર્ગને નવરા પડવા દેતાં નથી. એક સર્વેમાં એવી ચોંકાવનારી બાબત ધ્યાને આવી છે કે સરકારમાં કામ કરતા લોકો આઠ કલાકની જોબમાં એક કલાક ઈન્ટરનેટ માધ્યમનો પર્સનલ ઉપયોગ કરે છે, જ્યારે પ્રાઈવેટ જોબમાં દોઢ કલાક સોશ્યલ સાઈટ્સ પર અપડેટ્સ અને મેસેજના જવાબ આપવામાં જાય છે. આ કારણોથી કામ ઉપર થયેલી વિપરિત અસરને કારણે ટાટા કન્સલ્ટન્સી સર્વિસિઝ- ટીસીએસ- એ ગાંધીનગરના તેના કોમ્પલેક્સમાં નોકરીના સમયે આવેલા કર્મચારીએ તેના મોબાઈલ ફોન સુરક્ષા કચેરીમાં જમા કરવાના હોય છે અને જ્યારે શિફ્ટ પૂર્ણ થાય ત્યારે તે તેને પાછા મળે છે.

### નોકરીયાતો આઠ કલાકની ડ્યુટીમાં એક થી દોઢ કલાક ઓનલાઈન

**● ચૂંટણી જીતવા માટે રૂપાણીનો પ્લાન...**

વિધાનસભા ૨૦૧૭ મિશનમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણીનો પ્લાન બહું ઉંચો છે. તેમની પાસે વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટનો વૈશ્વિક એજન્ડા છે. એ પછી અમદાવાદની જેમ વડોદરા, સુરત અને રાજકોટનો મેટ્રો રેલ તેમજ રિવર ફ્રન્ટનો પ્રોજેક્ટ છે જેને આગળ ધપાવીને ચૂંટણી ઢંઢેરામાં તેનો સમાવેશ કરવાનો થાય છે. એક મહિનામાં એક પ્રજાલક્ષી જાહેરાત એ તેમનો મુખ્ય ગોલ છે અને તેની પાછળ નરેન્દ્ર મોદી અને અમિત શાહનું પીઠબળ છે. વિવિધ સમાજના પ્રશ્નોનું નિરાકરણ લાવવા રૂપાણી પાસે પાર્ટીના સંગઠનનો જુસ્સો છે. ચૂંટણી ઢંઢેરામાં આ વખતે રિવર્સ પ્રોસેસ થાય તેમ છે. મોદીએ કેન્દ્રમાં લાગુ કરેલા એજન્ડાને આ વખતે ગુજરાતમાં ઉમેરવામાં આવશે. કેન્દ્ર સરકારમાં જે નવા ચેન્જીસ થયા છે તેનો અમલ ગુજરાતમાં કરવા અત્યારથી જ લિસ્ટ બનાવી દેવામાં આવ્યું છે. કેન્દ્રની મોદી સરકારના ૧૫ એવા પ્રોજેક્ટ છે કે જે ગુજરાતમાં શરૂ કરી શકાય તેવા છે.

**● એક પાર્ટીની સરકારથી ફાયદો થાય છે...**

કેન્દ્રમાં અને રાજ્યમાં એક જ પાર્ટીની સરકાર હોય તો રાજ્યને મોટો ફાયદો થાય છે. ભૂતકાળમાં ગુજરાતનો વિકાસ થવાનું મુખ્ય કારણ કેન્દ્ર અને રાજ્યમાં કોંગ્રેસની સરકારો હતી. હવે એવું ભાજપમાં થયું છે. કેન્દ્રમાં અને ગુજરાતમાં ભાજપની સરકારો છે તેથી ગુજરાત માગે છે તેના કરતાં કેન્દ્ર વધુ આપે છે. દિલ્હીના એક સિનિયર અધિકારીએ કહ્યું હતું કે ગુજરાત એ કેન્દ્રનો લાડકો દિકરો છે. આ જ કારણોસર કેન્દ્રમાં સૌથી વધુ ગુજરાતના ઓફિસરો કામ કરી રહ્યાં છે. ગુજરાતનું નામ પડે એટલે દિલ્હીમાં કેન્દ્રીય પ્રધાનો તેમજ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ગુજરાતના મહેમાનોને વેઈટીંગમાં બેસાડતા નથી. ગુજરાતને સાચવવાનું મોદીને કહેવું પડતું નથી. મોદીનો આ ખોફ છે.

**● દેવાના ભારમાં ડૂબેલી મોટી કંપનીઓ...**

સ્ટોક માર્કેટમાં એવી કેટલીય કંપનીઓ છે કે જેના પર હજારો કરોડનું દેવું છે. દેવું હોય તો કંપનીની હાલત ખરાબ છે તેવું નથી, કારણ કે સમયાંતરે આ કંપનીઓ તેમનું દેવું ચૂકતે કરતી હોય છે. મહત્વની એવી કંપનીઓ પૈકી લાર્સન એન્ડ ટુબ્રોનું દેવું ૯૦.૭૬ હજાર કરોડ છે. એનટીપીસીનું દેવું ૮૬૦૦૦ કરોડ છે. પાવર ગ્રીડનું દેવું ૧.૦૨ લાખ કરોડ છે. ભારતી એરટેલનું દેવું ૬૦ હજાર કરોડ, તાતા સ્ટીલનું ૮૩.૮૦ હજાર કરોડ, વેદાંતાનું દેવું ૭૧.૩૫ હજાર કરોડ, ટાટા મોટર્સનું દેવું ૬૩.૧૦ હજાર કરોડ, જેપી એસોસિયેટનું દેવું ૫૮.૨૪ હજાર કરોડ અને હિંડાલ્કો ઈન્ડસ્ટ્રીઝનું દેવું ૬૭.૦૬ હજાર કરોડ છે. આ તમામ આંકડા બીએસઈની વેબસાઈટ પર દર્શાવવામાં આવ્યા છે.

**● પ્રોજેક્ટ ડિલે થાય તો ખરીદારને વ્યાજ મળશે...**

હોમનો કોઈપણ પ્રોજેક્ટ ડિલે થાય તો ખરીદારને ડેવલપર્સે વ્યાજ ચૂકવવાનું રહેશે. આવો નિર્ણય નેશનલ કન્ઝ્યુમર ડિસ્પુટ રેડ્રેસલ કમિશન- એનસીડીઆરસી- એ લીધો છે. જો કે આ સાથે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે જે ખરીદારે કમિશનમાં ફરિયાદ કરી હોય તેને જ આ વ્યાજનો લાભ મળી શકશે. કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટમાં એવી જોગવાઈ છે કે સમયસર બિલ્ડર કે ડેવલપર પજેશન ન આપે તો ખરીદાર તેની સામે ફરિયાદ કરી શકે છે. જો કે આ નિર્ણયના કારણે ડેવલપર્સને મોટું નુકશાન થઈ શકે છે. બીજી તરફ ખરીદારને તેની પ્રોપર્ટીની માલિકી હક્ક સમયસર અને ઝડપથી મળતા થઈ જશે.

**● નોકરી ખતરામાં છે, જરા બદલાઇ જાવ...**

વિશ્વના દેશો સાથે ભારતમાં પણ લોકોની નોકરી સામે મોટો ખતરો છે. યુનિક આઈડેન્ટીફિકેશન ઓથોરિટીના ભૂતપૂર્વ ચેરમેન નંદન નિલેકણીએ એવું ભયસ્થાન વ્યક્ત કર્યું હતું કે શિક્ષણ અને કૌશલ્યના બદલાવથી આગામી વર્ષોમાં હાલની નોકરીઓમાં કોઈ વજૂદ નહીં હોય, તેમણે કહ્યું હતું કે સ્થાનિક સેવાઓથી નોકરીઓની તકો સર્જાશે. તેમની જેમ વિશ્વ બેન્કે પણ કહ્યું છે કે ઓટોમેશનથી ભારતમાં ૬૯ ટકા અને ચીનમાં ૭૭ ટકા નોકરીઓ પર ખતરો તોળાઈ રહ્યો છે. બેન્કના પ્રમુખ જિમ યોન્ગ કિમ કહે છે કે વિશ્વની ટેકનોલોજી બદલાઈ રહી છે તેથી વિકસીત તેમજ વિકાસશીલ દેશોએ આર્થિક વિકાસને સમજવો પડશે અને એટીટ્યુડ બદલવો પડશે. આ અભ્યાસનું તારણ એવું છે કે નોકરી ઉપર સૌથી મોટો ખતરો સર્વિસ અને પ્રાઈવેટ સેક્ટર પર પડી શકે છે.